**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**સાતમું સત્ર**
**સોમવાર, તા. ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૦**
**પહેલી બેઠક**

માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.
(સભાગૃહની બેઠકની શરૂઆત ''વંદેમાતરમ્'' રાષ્ટ્રગીતની ધૂન બજાવી કરવામાં આવી)

૧. **શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ.શ્રી પ્રણવ મુખરજી, કોરોના–૧૯થી અવસાન પામેલ કોરોના વોરિયર્સ અને પ્રજાજનો, ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ.શ્રી લીલાધરભાઇ ખોડાજી વાઘેલા, ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના પૂર્વ મંત્રી સ્વ.શ્રી ગીગાભાઇ ભાવુભાઇ ગોહીલ, ગુજરાત વિધાનસભાના પૂર્વ નાયબ મંત્રી સ્વ.શ્રી જેસાભાઇ મારખીભાઇ ગોરીયા, ગુજરાત રાજ્યના પૂર્વ સંસદીય સચિવ સ્વ.શ્રી કુરજીભાઇ ભેંસાણીયા, ગુજરાત રાજ્યના પૂર્વ સભ્ય સ્વ.શ્રી નટુભાઇ ભીખાભાઇ ડાભી, સ્વ.શ્રી વસંતભાઇ પરભુભાઇ પટેલ અને સ્વ.શ્રી મણીલાલ ગોરધનદાસ ગાંધીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, સભ્યશ્રી અમિતભાઇ ચાવડા અને શ્રી શશીકાંત પંડ્યાએ સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ આ શોકદર્શક ઉલ્લેખમાં પોતાનો સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

૨. **સભાગૃહની પ્રથમ બેઠક મુલતવી રાખવા અંગે**

માનનીય સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. શ્રી પ્રણવ મુખરજીના માનમાં સભાગૃહની પ્રથમ બેઠકનું બાકીનું કામકાજ મુલતવી રાખવા અંગેનો પ્રસ્તાવ રજૂ કરતા, વિરોધપક્ષના સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે તેને સમર્થન કરતા તદ્અનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની પ્રથમ બેઠક મુલતવી રાખી.

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૨.૨૦ વાગ્યે ફરી મળવા માટે**
**બપોરના ૦૧.૨૦ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૨.૨૦ વાગ્યે ફરી મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

**ટૂંકી મુદતના પ્રશ્નો**

ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક– ૨૫ અને ૩૫ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૩.૨૦ વાગ્યે પૂરો થયો.

૨. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે નિયમ–૧૧૬ અન્વયે ''તાજેતરમાં પાકિસ્તાનની મરીન એજન્સીની ચાંચિયાગીરીએ નાપાક હરકત કરીને પોરબંદરની ૬ અને વેરાવળની ૨ બોટો તથા ૪૫ જેટલા માછીમારોને મશીનગનના નાળચે બંદીવાન બનાવીને અપહરણ કરતાં માછીમારોમાં અને તેઓના પરીવારજનોમાં ફેલાયેલ ભય અને રોષ દૂર કરવા''અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)નું ધ્યાન દોર્યું.

માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. **મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનું નિવેદન(નિયમ–૪૪)**

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ તાજેતરમાં પડેલ ભારે વરસાદના કારણે ખેડૂતોને થયેલ નુકસાન અંગે વળતર આપવા બાબતનું તેમનું નિવેદન વાંચીને રજૂ કર્યું.

૪. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક–૧–સન ૨૦૨૦નો ગુજરાત, ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના, મંત્રીઓ તથા વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા(સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા**

(૨) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક–૨– સન ૨૦૨૦નો ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૩) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક–૩–સન ૨૦૨૦નો ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલ**

(૪) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક–૪–સન ૨૦૨૦નો ગુજરાત મત્સ્યોદ્યોગ (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જવાહરભાઇ ચાવડા**

(૫) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક–૫–સન ૨૦૨૦નો ઔદ્યોગિક તકરાર (ગુજરાત સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપભાઇ ઠાકોર**

(૬) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક–૬–સન ૨૦૨૦નો કારખાના (ગુજરાત સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપભાઇ ઠાકોર**

(૭) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક–૭–સન ૨૦૨૦નો કોન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી)(ગુજરાત સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપભાઇ ઠાકોર**

(૮) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક–૮–સન ૨૦૨૦નો મજૂર કાયદા (ગુજરાત સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપભાઇ ઠાકોર**

(૯) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક–૯–સન ૨૦૨૦નો ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલ**

(૧૦) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક–૧૦–સન ૨૦૨૦નો ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલ**

(૧૧) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક–૧૧–સન ૨૦૨૦નો ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા**

(૧૨) ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૧૩) ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૧૪) ગુજ–ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય પ્રવાસન મંત્રીશ્રી જવાહરભાઇ ચાવડા**

(૧૫) દહેજ સેઝ લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૧૬) આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ

અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૧૭) બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૧૮) ગાંધીનગર રેલવે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૧૯) ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઇ પરમાર**

(૨૦) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૨૧) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી રમણભાઇ પાટકર**

(૨૨) સન ૨૦૧૫ના ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ અન્વયેના ગૃહ વિભાગના તા.૨૩–૧–૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ જીજી–૦૩/૨૦૨૦/એસબી.૫/પીઆરસી/૧૦૨૦૧૫/૦૭

**માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા**

(૨૩) સન ૨૦૧૫ના ગુજરાત માહિતીનો અધિકાર અધિનિયમ અન્વયેના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૮–૩–૨૦૧૯ના જાહેરનામા ક્રમાંકઃ જીએસ–૬–૨૦૧૯–વીએચએસ–૧૦૦૫–૨૬૬૪–આર.ટી.આઇ.સેલ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

૫. **અનુમતિ મળેલ વિધેયકો**

સચિવશ્રીએ, ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૭ તથા છઠ્ઠા સત્રમાં પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૨૦ના વિધેયક ક્રમાંક–૨, ૫ અને ૧૨ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

૬. **વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**કામકાજ સલાહકાર સમિતિના નવમા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો નવમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

૭. **માનનીય રાજ્ય કક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના રા.ક.ના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના નવમા અહેવાલ સાથે સંમત થાય.''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

૮. **સભ્યશ્રીઓના રાજીનામા અંગે માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત (નિયમ–૨૬૯)**

માનનીય અધ્યક્ષશ્રીએ નિયમ–૨૬૯ અન્વયે ૧૮૧ કપરાડા મત વિસ્તારના સભ્યશ્રી જીતુભાઇ હ.ચૌધરી અને ૧૪૭ કરજણ મત વિસ્તારના સભ્યશ્રી અક્ષયકુમાર ઈ.પટેલે તા. ૦૩–૦૬–૨૦૨૦ના રોજ બપોર પછી અને ૬૫ મોરબી મત વિસ્તારના સભ્યશ્રી બ્રિજેશ મેરજાએ તા.૪–૦૬–૨૦૨૦ના રોજ બપોર પછી આપેલ રાજીનામાનો સ્વીકાર કરવા અંગેની જાહેરાત કરી.

૯. **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

આદિજાતિ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે '' આ સભાગૃહ ભારતના બંધારણના પરિશિષ્ટ–૫ના ફકરા–૪ હેઠળ સરકારના શિક્ષણ અને મજૂર વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ

તા.૧૯-૦૮-૬૦ના જાહેરનામા ક્રમાંક- ટીએસી/૧૨૬૦/ગ અન્વયે ગુજરાત રાજ્ય આદિજાતિ સલાહકાર પરિષદ પર ગુજરાત વિધાનસભાએ ચૂંટેલા પંદર સભ્યો પૈકી ખાલી પડેલ એક સભ્યશ્રીની જગ્યા માટે ગુજરાત વિધાનસભાના અનુસૂચિત આદિજાતિના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પૈકી એક સભ્યશ્રીને ચૂંટવાનું કામ હાથ ધરે. ''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

૧૦. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ ઉપર ખાલી પડેલ એક જગ્યા ઉપર ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

૧૧. **સરકારી સંકલ્પ (નિયમ-૧૨૦)**

ગુજરાત સહિત સમગ્ર દેશમાં કોરોના મહામારીના જંગનો મક્કમતાપૂર્વક સફળ મુકાબલો કરતા કોરોના વોરિયર્સ, કોરોના વાઇરસના સંપૂર્ણ ખાતમા માટે સરકારે લીધેલાં અને લેવાનાર પગલાંની જાણકારી આપી સભાગૃહના સૌ સભ્યો સાથે મળી કોરોના વાઇરસની સંપૂર્ણ નાબૂદીની કટિબદ્ધતા વ્યકત કરતો સરકારી સંકલ્પ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પ્રદિપસિંહ જાડેજા ( રાજ્યક્ષાના ગૃહ મંત્રીશ્રી)

(૨)શ્રી પરેશભાઇ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી) (પ્રવચન અધૂરું)

**વિરામ સાંજના ૫-૨૬ થી ૫-૫૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

વિરામ બાદ વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૩) શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા

(૪)શ્રી અમિત ચાવડા

(૫) શ્રી શૈલેષ પરમાર

(૬) ડો.અનિલ જોષીયારા

(૭) શ્રી પુંજાભાઇ વંશ

(૮) શ્રી વિક્રમભાઇ માડમ

(૯) શ્રી ગ્યાસુદ્દીન શેખ

(૧૦) શ્રી પૂર્ણેશ મોદી

(૧૧)શ્રી વિજયભાઇ રૂપાણી (માનનીય મુખ્યમંત્રીશ્રી)

માનનીય અધ્યક્ષશ્રીએ ચર્ચામાં ભાગ લઇ લોકસભાના આદરણીય અધ્યક્ષશ્રી ઓમ બિરલાજીએ લોકડાઉનના સમયે ભારતના તમામ અધ્યક્ષશ્રીઓની સાથે વિડિયો કોન્ફરન્સથી વાત કરેલી અને દરેક રાજ્યમાં વિધાનસભા ખાતે એક કંટ્રોલરૂમ શરૂ કરવા જણાવેલ. જે ગુજરાત વિધાનસભાએ પણ શરૂ કરેલ અને તેના લાભ વિશે જણાવી, માનનીય સભ્યશ્રી જગદીશભાઇએ કન્ટીજીયસ નામના મુવીને જોવાની વાત કરેલી તે મુવી તેમણે જોયેલું હોઇ સર્વ સભ્યશ્રીઓને જોવાની ભલામણ કરી.

**ત્યારબાદ સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

૧૨. **વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયક**

૧.(ક) સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત નહીં હોવાથી નિયમ-૧૫૨(૨) અન્વયેનો વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ રજૂ થઇ શક્યો નહીં.

(ખ) માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક-૧૪- સન ૨૦૨૦નું ગુજરાત, ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના, મંત્રીઓ તથા વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પરેશભાઇ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી)

(૨) શ્રી પુંજાભાઇ વંશ

(૩) ડો.અનિલ જોષીયારા

(૪) શ્રી લલીત વસોયા

(૫) શ્રી કીરીટકુમાર પટેલ

(૬) શ્રી નૌશાદ સોલંકી

(૭) શ્રી પિયુષ દેસાઇ

ચર્ચાનો જવાબ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૬, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો

સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૬, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૨ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૦નું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી કીરીટકુમાર પટેલ
(૨) શ્રી લલીત વસોયા
(૩) શ્રીમતી મનીષાબેન વકીલ
(૪) શ્રી ઋત્વિકભાઇ મકવાણા
(૫) શ્રી ગુલાબસિંહ રાજપુત
(૬) ડો.આશાબેન પટેલ

ચર્ચાનો જવાબ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૩.(ક) સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત નહીં હોવાથી નિયમ–૧૫૨(૨) અન્વયેનો વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ રજૂ થઇ શક્યો નહીં.

(ખ) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૨૦નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી કીરીટકુમાર પટેલ
(૨) ડો.સી.જે.ચાવડા
(૩) શ્રી દુષ્યંતભાઇ પટેલ

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૧૬, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૧૬, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, મંગળવાર તા.૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે રાત્રીના ૧૦.૧૭ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

ક્રમાંક–૨

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**સાતમું સત્ર**
**મંગળવાર, તા. ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

**ટૂંકી મુદતનો પ્રશ્ન**

ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક– ૩૭નો મૌખિક જવાબ આપવામાં આવ્યો.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

૨. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે નિયમ–૧૧૬ અન્વયે ''તાજેતરમાં રાજકોટ સિવિલ હોસ્પિટલના સ્ટાફે કોરોના દર્દીને માર માર્યા બાદ દર્દીનું મૃત્યુ થતાં કોરોનાના દર્દીઓ સરકારી હોસ્પિટલમાં સારવાર લેતાં ડરી રહ્યા છે ત્યારે મૃતકના પરિવારજનો અને કોરોનાના દર્દીઓમાં ફેલાયેલ ભય અને રોષની લાગણી દૂર કરવા'' અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(આરોગ્ય)નું ધ્યાન દોર્યું.

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. **વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખશ્રી આર.સી. મકવાણાએ સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો.

૪. **વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો અને સરકારી વિધેયકો**

૧.(ક) સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૫૨(૨) અન્વયે સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક–૧૧–સન ૨૦૨૦નો ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત (સુધારા) વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ રજૂ કર્યો.

(ખ) માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૨૦નું ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત(સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી કીરીટકુમાર પટેલ (પ્રવચન અધૂરું)

**વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી કીરીટકુમાર પટેલે પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨) ડો.અનિલ જોષીયારા
(૩) ડો.સી.જે.ચાવડા
(૪)શ્રી રાકેશભાઇ શાહ
(૫) શ્રી પુંજાભાઇ વંશ
(૬) શ્રી નરેશભાઇ પટેલ
(૭) શ્રી બળદેવજી ઠાકોર
(૮) શ્રી ગ્યાસુદ્દીન શેખ
(૯) શ્રી પ્રવિણભાઇ મુસડીયા(પ્રવચન અધૂરું)

**વિરામ સાંજના ૫.૦૦થી ૫.૩૦**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

૫. **સભાગૃહનો સમય લંબાવવા બાબત**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી થયા પ્રમાણે આજના દિવસની યાદીમાં સમાવિષ્ટ કામ પૂર્ણ કરવા માટે વિધેયકની ચર્ચામાં સમય મર્યાદા નક્કી કરવા

માનનીય અધ્યક્ષશ્રીને જણાવતાં, વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ સભ્યશ્રીઓને વિધેયક સંબંધમાં પોતાના વિચારો રજૂ કરવાનો હક્ક છે તેમ જણાવી સભાગૃહનો સમય લંબાવવા બાબતે સંમતિ આપતાં, સંસદીય બાબતોના માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિધેયકની ચર્ચામાં એકને એક બાબત રિપિટ ન કરતાં જરૂરી ચર્ચા કરવા અને વિધેયક પસાર કરવા માટે સમય મર્યાદા હોવી જોઇએ તેમ જણાવતાં માનનીય અધ્યક્ષશ્રીએ પણ આ બાબતનો સ્વીકાર કરી સભાગૃહનો સમય લંબાવવાનું ઠરાવ્યું.

૬. **વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો અને સરકારી વિધેયકો(ક્રમશઃ)**

ત્યારબાદ સભ્યશ્રી પ્રવિણભાઇ મુસડીયાએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૦) શ્રી જીતેન્દ્ર સુખડીયા

(૧૧) શ્રી પરેશભાઇ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી)

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ, પ્રથમ વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૫, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૫, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૨.(ક) સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત નહીં હોવાથી નિયમ-૧૫૨(૨) અન્વયેનો વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ રજૂ થઇ શક્યો નહીં.

(ખ) માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૨૦નું ઔદ્યોગિક તકરાર (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રીહિંમતસિંહ પટેલ

(૨) શ્રી અમરીષ ડેર

(૩) શ્રી દુષ્યંતભાઇ પટેલ (પ્રવચન અધૂરું)

**વિરામ સાંજના ૭.૩૧થી ૮.૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી દુષ્યંતભાઇ પટેલે પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૪) શ્રી કનુભાઇ દેસાઇ

(૫) શ્રી ધનજીભાઇ પટેલ

(૬) શ્રી જગદીશ વિશ્વકર્મા

(૭) શ્રી બળદેવજી ઠાકોર

ચર્ચાનો જવાબ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૫, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૫, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૩.(ક) સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત નહીં હોવાથી નિયમ–૧૫૨(૨) અન્વયેનો વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ રજૂ થઇ શક્યો નહીં.

(ખ) માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૨૦નું કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી)(ગુજરાત સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી સુખરામભાઇ રાઠવા

(૨) શ્રી કેતનભાઇ ઇનામદાર

ચર્ચાનો જવાબ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ અને ૩, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ અને ૩, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૪.(ક) સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત નહીં હોવાથી નિયમ–૧૫૨(૨) અન્વયેનો વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ રજૂ થઇ શક્યો નહીં.

(ખ) માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૨૦નું કારખાના (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. અનિલ જોષીયારા

(૨) શ્રી જીગ્નેશકુમાર મેવાણી

(૩) શ્રી જગદીશભાઇ પટેલ

(૪) શ્રી શૈલેષ પરમાર

ચર્ચાનો જવાબ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૫, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૫, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૫.(ક) સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત નહીં હોવાથી નિયમ–૧૫૨(૨) અન્વયેનો વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ રજૂ થઇ શક્યો નહીં.

(ખ) માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૨૦નું મજૂર કાયદા (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પરેશભાઇ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી)

(૨) ડો.સી.જે.ચાવડા

(૩) શ્રી કિશોરભાઇ ચૌહાણ

(૪) શ્રી નૌશાદ સોલંકી (પ્રવચન અધૂરું)

૭. **વિધેયકના સ્કોપમાં ચર્ચા કરવા બાબત**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સભ્યશ્રી નૌશાદ સોલંકીના પ્રવચન અંગે વાંધો લઇ તેમને વિધેયકના સ્કોપમાં જ પોતાની વાત રજૂ કરવા જણાવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી નૌશાદ સોલંકીને એ પ્રમાણે જણાવતાં, સભ્યશ્રી નૌશાદ સોલંકીએ પોતે વિધેયકના સ્કોપમાં જ પોતાની વાત રજૂ કરી રહ્યા હોવાનું જણાવ્યું અને તેના સમર્થનમાં વિરોધપક્ષના સભાગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓ પોતાની જગ્યા ઉપર ઉભા થઇ ગયા.

૮. **સભાત્યાગ**

આ તબક્કે વિરોધપક્ષના ગૃહમાં હાજર રહેલ સભ્યશ્રી નૌશાદ સોલંકી સિવાયના તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

૯. **વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો અને સરકારી વિધેયકો(ક્રમશઃ)**

ત્યારબાદ સભ્યશ્રી નૌશાદ સોલંકી સભાગૃહમાં પોતાની વાત મૂકી રહ્યા હતા ત્યારે તેમણે પોતાના હાથમાં રહેલ માઇક સભાગૃહમાં છૂટું ફેંકતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તેમને તેમની વાત રજૂ કરવાની પૂરતી તક આપવામાં આવેલ હોવા છતાં પણ તેમનું આ વર્તન યોગ્ય ન હોવાનું જણાવ્યું.

ચર્ચાનો જવાબ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૪, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૪, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, બુધવાર તા.૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે રાત્રીના ૧૦.૫૪ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક–૩**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**સાતમું સત્ર**
**બુધવાર, તા. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

**ટૂંકી મુદતના પ્રશ્નો**

ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક– ૩૩ અને ૪૨ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

૨. **અતારાંકિત પ્રશ્નોત્તરી**

માનનીય અધ્યક્ષશ્રીએ પહેલી, બીજી અને ત્રીજી અતારાંકિત પ્રશ્નોના જવાબોની યાદી સભાગૃહના મેજ ઉપર મૂકી.

૩. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) ગુજરાત સ્ટેટ ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૧૮–૨૦૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(૨) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(૩) ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે**

(૪) ગાંધીનગર રેલવે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૫) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના સન ૨૦૨૦–૨૧ના અંદાજપત્ર તથા સન ૨૦૧૯–૨૦ના સુધારેલા અંદાજપત્ર

**માનનીય રાજ્યકક્ષાના ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી બચુભાઈ ખાબડ**

(૬) ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

(૭) ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૧૮–૧૯ના સુધારેલા અંદાજો અને સન ૨૦૧૯–૨૦ના અંદાજો તથા સન ૨૦૧૯–૨૦ના સુધારેલા અંદાજો અને સન ૨૦૨૦–૨૧ના અંદાજો, તેમજ સન ૨૦૧૮–૧૯ના સુધારેલા અંદાજો અને સન ૨૦૧૯–૨૦ના અંદાજોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

(૮) ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડના સન ૨૦૧૫-૧૬ અને સન ૨૦૧૬-૧૭ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદનો

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૯) નાણાં વિભાગના સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ તથા ગુજરાત માલ અને સેવા વેરા નિયમો અન્વયેના આ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબના કુલ-૨૩ જાહેરનામા તેમજ આ જાહેરનામા પૈકી ક્રમાંક ૧ થી ૭ ઉપરના જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

| No | Notification No | Date |
|---|---|---|
| 1 | (GHN-121)GST-2019/S.146(3)TH | 17-12-2019 |
| 2 | (GHN-122)GST-2019/S.146(4)TH | 17-12-2019 |
| 3 | (GHN-130)GST-2019/S.11(1)(51)-TH | 31-12-2019 |
| 4 | (GHN-5)GST-2020/S.128(18)TH | 13-01-2020 |
| 5 | (GHN-13)GST-2020/S.9(1)(31)-TH | 24-02-2020 |
| 6 | (GHN-15)GSTR-2020/S.164(53)-TH | 05-03-2020 |
| 7 | (GHN-18)GST-2020/S.148(25)TH | 19-03-2020 |
| 8 | (GHN-28)GST-2020/S.25(6C)(1)TH | 27-03-2020 |
| 9 | (GHN-29)GST-2020/S.9(1)(32)TH | 27-03-2020 |
| 10 | (GHN-30)GST-2020/S.9(1)(33)TH | 27-03-2020 |
| 11 | (GHN-35)GST-2020/S.128(20)TH | 09-04-2020 |
| 12 | (GHN-36)GST-2020/S.148(29)TH | 09-04-2020 |
| 13 | (GHN-38)GSTR-2020/S.164(55)TH | 09-04-2020 |
| 14 | (GHN-41)GST-2020/S.164(56)TH | 01-05-2020 |
| 15 | (GHN-43)GST-2020/S.148(30)TH | 07-05-2020 |
| 16 | (GHN-44)GST-2020/S.168A(2)TH | 07-05-2020 |
| 17 | (GHN-49)GSTR-2020/S.164(58)TH | 10-06-2020 |
| 18 | (GHN-50)GST-2020/S.168A(3)TH | 12-06-2020 |
| 19 | (GHN-51)GST-2020/S.168A(4)TH | 12-06-2020 |
| 20 | (GHN-53)GSTR-2020/S.164(59)TH | 23-06-2020 |
| 21 | (GHN-59)GST-2020/S.168A(5)TH | 29-06-2020 |
| 22 | (GHN-60)GST-2020/S.168A(6)TH | 29-06-2020 |
| 23 | (GHN-67)GST-2020/S.148(31)TH | 15-07-2020 |

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૧૦) સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયે,

(ક) નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના વર્ષ દરમ્યાન સરકારે આપેલી બાંહેધરીની વિગતો દર્શાવતું પત્રક-૧

(ખ)બાંહેધરી આપનારની રૂએ અગાઉના વર્ષોમાં ચૂકવેલ રકમ પૈકી નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન જે તે સંસ્થાઓ પાસેથી કરેલ વસૂલાતોની વિગતો દર્શાવતું પત્રક-૨

(ગ) બાંહેધરી આપનારની રૂએ સરકારે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન ચૂકવેલ રકમની વિગતો દર્શાવતું પત્રક-૩

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૧૧) સન ૧૯૬૩ના ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ અન્વયેના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૦૯/૦૫/૨૦૨૦ના હુકમ ક્રમાંકઃ જીએચકેએચ/૪૯/૨૦૨૦/પરચ/૧૦/૨૦૧૭-જીઓઆઇ-૧(છ)

**માનનીય રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલ**

(૧૨) સન ૨૦૧૮ના ગુજરાત અનુસૂચિત જાતિ, આદિજાતિ અને અન્ય પછાત વર્ગને (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત અધિનિયમ અન્વયેના આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૯/૦૯/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ જીએસ/એસએચ/૦૧/એપીજે/૧૦૨૦૧૮/૪૧૯/ચ

**માનનીય રાજ્યકક્ષાના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી રમણભાઇ પાટકર**

૪. **સરકારી વિધેયકો**

(૧) માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૨૦નું ગુજરાત ગુંડા અને અસામાજિક પ્રવૃત્તિઓ (અટકાવવા બાબત) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

૫. **પોઇન્ટ ઓફ ઓર્ડર**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ વિધેયક ક્રમાંક–૨૨ની જોગવાઇઓ જોતાં રાજ્ય સરકારને આ બાબતે કાયદો ઘડવાની સત્તા ન હોવા બાબતની રજૂઆત કરતાં, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે રાજ્ય સરકારને કાયદો ઘડવાની સત્તા હોવા અંગે જણાવતાં, શ્રી પરેશભાઇ ધાનાણીએ આ બાબત કેન્દ્ર સરકારનો વિષય હોઇ રાજ્ય સરકારે આ વિધેયક પરત ખેંચવું જોઇએ. માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આ વિધેયક સભાગૃહમાં દાખલ કરતાં પહેલાં સંસદીય અને વૈધાનિક બાબતોના વિભાગ તથા કાયદા વિભાગના પરામર્શમાં રહીને જ આ વિધેયક લાવવામાં આવ્યું છે અને બંધારણીય વૈધાનિકતાની ચકાસણી કરવાનું કામ નામદાર કોર્ટનું છે, સભાગૃહ આ બાબતે કોઇ નિર્ણય કરી શકે નહીં તેવું મંતવ્ય વ્યક્ત કરતાં, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ તેમાં સૂર પૂરાવી માનનીય અધ્યક્ષશ્રીને આ બાબતે રૂલીંગ આપવાનું જણાવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ પણ વિધેયકની બંધારણીય વૈધાનિકતાની ચકાસણી કરવાનું કામ નામદાર કોર્ટનું હોવાનું જણાવી પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો અને વિગતવાર રૂલીંગ તેઓ પછીથી આપશે તેમ જણાવ્યું.

૬. **સરકારી વિધેયકો(ક્રમશઃ)**

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના પહેલા વાચનના પ્રસ્તાવના સમર્થનમાં મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર (પ્રવચન અધૂરું)

**વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦**

**સભાપતિશ્રી દુષ્યંતભાઇ પટેલ અધ્યક્ષસ્થાને**

ત્યારબાદ સભ્યશ્રી શૈલેષ પરમારે તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨) શ્રી કીરીટકુમાર પટેલ
(૩) ડો.સી.જે.ચાવડા
(૪) શ્રી પ્રતાપભાઇ દૂધાત
(૫)શ્રી પૂર્ણેશ મોદી

૭. **સમય નક્કી કરવા અંગે**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ આજના દિવસની કામકાજની યાદીમાંના ત્રણ વિધેયક ચર્ચા કરીને પસાર કરવા માટે સાંજના સાત વાગ્યાનો સમય નિર્ધારીત કરવા માટે માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરતાં, વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ સભ્યશ્રીઓને વિધેયક ઉપર ચર્ચા માટે કોઇ સમય મર્યાદા નક્કી કરી શકાય નહીં તેમ જણાવી ૭ વાગ્યાની સમય મર્યાદાનો વિરોધ કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સૌ સભ્યશ્રીઓ વિધેયકના સ્કોપમાં અને ટૂંકમાં પોતાનું મંતવ્ય રજૂ કરે તેમ જણાવ્યું.

૮. **સરકારી વિધેયકો (ક્રમશઃ)**

(૬) શ્રી ગ્યાસુદ્દીન શેખ
(૭) શ્રી બાબુભાઇ વાજા
(૮) શ્રી કેતનભાઇ ઇનામદાર
(૯) શ્રી સુરેશભાઇ પટેલ
(૧૦) શ્રી લલીતભાઇ કગથરા
(૧૧) શ્રી પરેશ ધાનાણી (વિરોધપક્ષના નેતા)

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૨૫, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૨૫, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૨૭–સન ૨૦૨૦નું ગુજરાત અંબાજી વિસ્તાર વિકાસ અને યાત્રાધામ પ્રવાસન નિયમન વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે વિધેયકના પહેલા વાચનના પ્રસ્તાવના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) ડો. અનિલ જોષીયારા | (૫) શ્રી ચંદનજી ઠાકોર |
| (૨) શ્રી કાન્તીભાઇ ખરાડી | (૬) શ્રી ઋષિકેશ પટેલ |
| (૩) શ્રી અનંતકુમાર પટેલ | (૭) શ્રી શશીકાંત પંડ્યા |
| (૪) શ્રીમતી ગેનીબેન ઠાકોર | (૮) શ્રી જીતેન્દ્ર સુખડીયા |

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૫૬, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૫૬, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૨૦નું બાળ અને કિશોર શ્રમ (પ્રતિબંધ અને નિયમન)(ગુજરાત સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે વિધેયકના પહેલા વાચનના પ્રસ્તાવના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) શ્રી હિંમતસિંહ પટેલ | (૪) શ્રી કનુભાઇ દેસાઇ |
| (૨) શ્રી કીરીટકુમાર પટેલ | (૫) શ્રી મોહનસિંહ રાઠવા |
| (૩) શ્રીમતી સીમાબેન મોહીલે | (૬) શ્રી જીગ્નેશકુમાર મેવાણી |

ચર્ચાનો જવાબ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૪, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૪, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, ગુરુવાર તા.૨૪મી સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે રાત્રીના ૮.૪૩ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક–૪**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**સાતમું સત્ર**
**ગુરુવાર, તા. ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

૧. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**શ્રેષ્ઠ ધારાસભ્ય તરીકેના એવોર્ડની જાહેરાત અને અર્પણ વિધિ**

માનનીય અધ્યક્ષશ્રીએ તા.૨૮–૨–૨૦૨૦ના રોજ ગુજરાત વિધાનસભાના સભ્યોમાંથી શ્રેષ્ઠ ધારાસભ્યની પસંદગી કરી તેમને એવોર્ડ આપવાની જાહેરાત કરી હતી. જેના અનુસંધાને એવોર્ડ માટે પસંદગી કરવાના ધોરણોની ટૂંકી સમજ આપી, સન ૨૦૧૮–૧૯ માટે સભ્યશ્રી મોહનસિંહ રાઠવાની અને સન ૨૦૧૯–૨૦ માટે સભ્યશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની પસંદગી કરવામાં આવી હોવાની જાહેરાત કરી તેમનો ટૂંકો પરિચય આપ્યો. ત્યારબાદ બન્ને સભ્યશ્રીઓને એવોર્ડ આપવામાં આવ્યા.

વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ એવોર્ડ વિજેતા બન્ને સભ્યશ્રીઓને શાબ્દિક અભિનંદન આપ્યા. ત્યારબાદ શ્રી મોહનસિંહ રાઠવા અને શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રી, વિપક્ષના નેતાશ્રી અને સભાગૃહના સર્વે સભ્યોનો આભાર માન્યો. ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ તેમાં સૂર પૂરાવ્યો.

૨. **પ્રશ્નોત્તરી**

**ટૂંકી મુદતના પ્રશ્નો**

ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક– ૩૮નો મૌખિક જવાબ આપવામાં આવ્યો. ત્યારબાદ ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક–પર શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા મૌખિક જવાબ આપી રહ્યા હતા ત્યારે વિપક્ષના સભ્યશ્રીઓ દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.

૩. **સભાત્યાગ**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક–પરનો મૌખિક જવાબ આપી રહ્યા હતા ત્યારે વિપક્ષના સભાગૃહમાં હાજર રહેલ તમામ સભ્યશ્રીઓએ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કર્યો.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૨.૦૦ વાગ્યે પૂરો થયો.

૪. **વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખ ડો.નીમાબેન આચાર્યએ સમિતિનો નવમો અને દસમો અહેવાલ રજૂ કર્યો.

૫. **સરકારી વિધેયકો**

(૧) માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૨૦નું ગુજરાત જમીન પચાવી પાડવા પર(પ્રતિબંધ) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો.સી.જે.ચાવડા (પ્રવચન અધૂરું)

**વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

સભ્યશ્રી ડો.સી.જે.ચાવડાએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨) શ્રી બળદેવજી ઠાકોર
(૩) શ્રી લલીતભાઇ કગથરા
(૪) શ્રી પ્રતાપ દૂધાત
(૭) શ્રી સી.કે. રાઉલજી
(૮) શ્રી રઘુભાઇ દેસાઇ
(૯) શ્રી ઋષિકેશ પટેલ

(૫) શ્રી પ્રદિપસિંહ જાડેજા (રા.ક.ના ગૃહમંત્રીશ્રી) (૧૦)શ્રીમતી ગેનીબેન ઠાકોર (પ્રવચન અધૂરું)
(૬) શ્રી ગુલાબસિંહ રાજપુત

૬. **સભાગૃહનો સમય લંબાવવા બાબત**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી થયા પ્રમાણે આજના દિવસની કામકાજની યાદીમાં સમાવિષ્ટ કામ પૂર્ણ કરવા માટે સભાગૃહનો સમય સાંજના સાત વાગ્યા સુધી લંબાવવાની દરખાસ્ત કરતાં, વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ સમય મર્યાદામાં બંધાયા વગર સમય લંબાવવા સંમતિ આપતાં સભાપતિશ્રીએ કામકાજ પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાનું ઠરાવ્યું.

૭. **સરકારી વિધેયકો(ક્રમશઃ)**

ત્યારબાદ સભ્ય શ્રીમતી ગેનીબેન ઠાકોરે પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૧) ડો.અનિલ જોષીયારા (૧૩) શ્રી પુંજાભાઇ વંશ

(૧૨) શ્રી કેતનભાઇ ઇનામદાર (૧૪) શ્રી જીગ્નેશકુમાર મેવાણી

ચર્ચાનો જવાબ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૧૯, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૧૯, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૨૦નું રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. સી.જે.ચાવડા (૫) શ્રી બળદેવજી ઠાકોર
(૨) શ્રી પૂર્ણેશ મોદી (૬) શ્રી પરેશ ધાનાણી (વિપક્ષના નેતાશ્રી)
(૩) શ્રી સી.કે.રાઉલજી (૭) શ્રી કીરીટકુમાર પટેલ
(૪) શ્રી અરવિંદકુમાર પટેલ

ચર્ચાનો જવાબ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૫, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૫, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૮. **માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

**પોઇન્ટ ઓફ ઓર્ડર પર વિગતવાર નિર્ણય**

માનનીય અધ્યક્ષશ્રીએ બુધવાર તા.૨૩–૯–૨૦૨૦ના રોજ સન ૨૦૨૦ના વિધેયક ક્રમાંક–૨૨ને દાખલ થતું રોકવાની સત્તા સભાગૃહને નથી તેમ જણાવી વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઓર્ડરને નામંજૂર કરતો વિગતવાર નિર્ણય જાહેર કર્યો.

૯. **સરકારી વિધેયકો (ક્રમશઃ)**

(૩) માનનીય રાજ્યકક્ષાના કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૬–

સન ૨૦૨૦નું સ્મોલ કોઝ કોર્ટ કાયદા (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી કીરીટકુમાર પટેલ

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ર થી ૭, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ર થી ૭, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૪) માનનીય કૃષિ મંત્રીશ્રી આર.સી. ફળદુએ સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૨૦નું ગુજરાત યુનિવર્સિટીઓ કાયદા (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય કૃષિ મંત્રીશ્રી આર.સી. ફળદુએ અને પશુપાલન મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) શ્રી કીરીટકુમાર પટેલ | (૪) શ્રી નરેશભાઇ પટેલ |
| (૨) શ્રી ઋત્વિકભાઇ મકવાણા | (૫) શ્રી પુંજાભાઇ વંશ |
| (૩) શ્રી સી.કે.રાઉલજી | (૬) શ્રી ગુલાબસિંહ રાજપુત |

ચર્ચાનો જવાબ માનનીય કૃષિ મંત્રીશ્રી આર.સી. ફળદુએ આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ર થી ૧૫, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ર થી ૧૫, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, શુક્રવાર તા.૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે રાત્રીના ૯.૧૨ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

ક્રમાંક–૫

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**સાતમું સત્ર**
**શુક્રવાર, તા. ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

**ટૂંકી મુદતના પ્રશ્નો**

ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક– ૩૯ અને ૪૫ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૧.૦૦ વાગ્યે પૂરો થયો.

૨. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) (ક) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૭–૧૮ના વર્ષનો ઓડિટ અહેવાલ (સામાન્ય અને સામાજિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૧૮–૧૯ના વર્ષના નાણાકીય હિસાબો (ભાગ–૧ અને ભાગ–૨) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ગ) ગુજરાત સરકારના સન ૨૦૧૮–૧૯ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)

(ઘ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૮–૧૯ના વર્ષનો ઓડિટ અહેવાલ (રાજ્યની નાણાકીય પરિસ્થિતિ) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ચ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૮–૧૯ના વર્ષનો ઓડિટ અહેવાલ (સામાન્ય અને સામાજિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(છ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૮–૧૯ના વર્ષનો ઓડિટ અહેવાલ (આર્થિક અને મહેસૂલ ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(જ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૮–૧૯ના વર્ષનો ઓડિટ અહેવાલ (જાહેર ક્ષેત્રના ઉપક્રમો) (અંગ્રેજી તથા ગુજરાતી)

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી વતી કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુ**

(૨) ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૩) ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૪) ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૫) ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા**

(૬) ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અનુ.જાતિ)ના સન ૨૦૧૫–૧૬ થી ૨૦૧૭–૧૮ ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદનો

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઇ પરમાર**

(૭) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઇ પરમાર**

(૮) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઇ પરમાર**

(૯) ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ કોર્પોરેશનના સન ૨૦૧૩–૧૪ અને સન ૨૦૧૪–૧૫ના વાર્ષિક અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

(૧૦) ગુજરાત જૈવવિવિધતા બોર્ડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના વન મંત્રીશ્રી રમણભાઇ પાટકર**

(૧૧) ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી વતી કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુ**

(૧૨) ગુજરાત હાઉસિંગ બોર્ડ અને સ્લમ કલીયરન્સ સેલનું સન ૨૦૨૦–૨૧નું અંદાજપત્રક તથા ગુજરાત હાઉસિંગ બોર્ડના સન ૨૦૧૮–૧૯ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી વતી કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુ**

(૧૩) સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૬–૨૦૧૭ના વર્ષનો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર**

(૧૪) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેનાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના

(૧) તા.૨૪/૦૨/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ જીએચયુ–૨૦૨૦(૨૦)–જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટ–૨), તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૨)તા.૧૭/૦૮/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ જીએચયુ–૨૦૨૦–(૫૯)–જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટ–૨)

**માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૧૫) સન ૨૦૧૬ના અશક્ત વ્યક્તિનો અધિકાર અધિનિયમ અન્વયેના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૩/૧૨/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એસએચ/૦૮/એપીજી/૧૦૨૦૧૭/૮૮૦૧૩/ છ–૧, તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઇ પરમાર**

(૧૬) સન ૨૦૧૩ના રાષ્ટ્રિય અન્ન સુરક્ષા અધિનિયમ અન્વયેના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના તા.૨૪/૦૪/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૨૦/૩/પીડીએસ/૧૦૨૦૨૦/૧૯૮/ક–૧

**માનનીય રાજ્યકક્ષાના નાગરિક પુરવઠા મંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા**

૩. **સરકારી વિધેયકો**

(૧) માનનીય રાજ્યકક્ષાના મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી વતી પ્રદિપસિંહ જાડેજાએ સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૨૧– સન ૨૦૨૦નું ગુજરાત મત્સ્યોદ્યોગ (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય રાજ્યકક્ષાના મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી વતી પ્રદિપસિંહ જાડેજાએ વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પુંજાભાઇ વંશ
(૨) શ્રી બાબુભાઇ બોખીરીયા
(૩) શ્રી અમરિષભાઇ ડેર (પ્રવચન અધૂરું)

**વિરામ બપોરના ૧૨.૦૦ થી ૧૨.૩૦**

**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

વિરામ સભ્યશ્રી અમરિષભાઇ ડેરે તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૪) શ્રીમતી ઝંખનાબેન પટેલ
(૫) શ્રી બાબુભાઇ વાજા
(૬) શ્રી કુબેરભાઇ ડીંડોર

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી વતી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૮, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૮, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૨૦નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા(સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. સી.જે.ચાવડા
(૨) શ્રી રમણભાઇ પટેલ
(૩) શ્રી સુખરામભાઇ રાઠવા(પ્રવચન અધૂરું)

૪. **સભાગૃહનો સમય લંબાવવા બાબત**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી થયા મુજબ આજના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો જેને વિપક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમારે સમર્થન કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદ્અનુસાર સભાગૃહનો સમય લંબાવ્યો.

૫. **સરકારી વિધેયકો(ક્રમશઃ)**

સભ્યશ્રી સુખરામભાઇ રાઠવાએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૪) શ્રી અરવિંદકુમાર પટેલ
(૫) શ્રી બળદેવજી ઠાકોર
(૬) શ્રી બાબુભાઇ વાજા
(૭) શ્રી નૌશાદ સોલંકી
(૮) શ્રી પ્રતાપ દૂધાત
(૯) શ્રી વલ્લભભાઇ કાકડીયા
(૧૦) શ્રી પુંજાભાઇ વંશ
(૧૧)શ્રી પરેશ ધાનાણી(વિપક્ષના નેતાશ્રી)

ચર્ચાનો જવાબ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૮, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૮, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૨૮–સન ૨૦૨૦નું ગુજરાત ખેત–ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી હર્ષદકુમાર રીબડીયા
(૨) શ્રી કીરીટકુમાર પટેલ
(૩) શ્રી રમણભાઇ પટેલ
(૪) શ્રી બાબુભાઇ પટેલ
(૫) શ્રી પરસોત્તમભાઇ સાબરીયા
(૬) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૭) શ્રી સૌરભ પટેલ (ઊર્જા મંત્રીશ્રી)
(૮) શ્રી શીવાભાઇ ભુરીયા
(૯) શ્રી ઋષિકેશ પટેલ
(૧૦) ડો. અનિલ જોષીયારા
(૧૧) શ્રી પરેશ ધાનાણી (વિપક્ષના નેતાશ્રી)

૬. **સૂત્રોચ્ચાર અને સભાત્યાગ**

માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા ત્યારે વિપક્ષના નેતાશ્રીએ આ વિધેયક પરત ખેંચવા કે પ્રવર સમિતિને સોંપવાની માગણી કરી જેનો માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે અસ્વીકાર કરી કાર્યવાહી આગળ ચલાવવાની રજૂઆત કરી જેને માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સમર્થન આપ્યું. માનનીય અધ્યક્ષશ્રીએ કાર્યવાહી આગળ ચલાવતાં વિપક્ષના સભાગૃહમાં હાજર રહેલ તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

૭. **સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે ચર્ચા પરનો તેમનો જવાબ પૂરો કર્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૨૬, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૨૬, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૮. **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલનું અંબાજી વિસ્તાર વિકાસ અને યાત્રાધામ પ્રવાસન નિયમન વિધેયક ક્રમાંક–૨૭ની ચર્ચાના જવાબમાં આંશિક સુધારો કરતું ખુલાસાત્મક નિવેદન**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે તા.૨૩–૯–૨૦૨૦ના રોજ અંબાજી વિસ્તાર વિકાસ અને યાત્રાધામ પ્રવાસન નિયમન વિધેયક ક્રમાંક–૨૭ની ચર્ચાના જવાબ દરમિયાન કરેલા પ્રવચનમાં અંબાજી વિસ્તાર વિકાસ અને યાત્રાધામ પ્રવાસન નિયમન વિધેયક મુજબની દરખાસ્ત હેઠળના વિસ્તારો PESA માં સમાવિષ્ટ થયેલ ન હોવાથી તે ચાલુ રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને તેથી ગ્રામ પંચાયતો અંગેના નિર્ણય, વિધેયકની કલમ–૩ અને ૩૧ હેઠળ નોટિફીકેશન કરવાના સમયે કરવામાં આવશે તેવો આંશિક સુધારો કરતું ખુલાસાત્મક ટૂંકું નિવેદન વાંચીને કર્યું.

૯. **સરકારી વિધેયકો (ક્રમશઃ)**

(૪) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૨૦નું ગુજરાત વિનિયોગ અધિનિયમો (રદ કરવા બાબત) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ અને ૩, અનુસૂચિ, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ અને ૩, અનુસૂચિ, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૫. માનનીય ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૨૦નું ગુજરાત કાકવી (નિયંત્રણ)(રદ કરવા બાબત) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૧૦. છેલ્લા દિવસનો પ્રસ્તાવ(નિયમ–૧૦૨)**

**ગુજરાત ઔદ્યોગિક નીતિ–૨૦૨૦ના વધુ ઝડપી અને અસરકારક અમલીકરણ અંગે**

સભ્યશ્રી શૈલેષભાઇ ભાભોરે નવી ઔદ્યોગિક નીતિ–૨૦૨૦ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવી છે. જેના અનુસંધાને રાજયનો ઔદ્યોગિક વિકાસ થશે અને રોજગારીનું સર્જન થશે તે બાબતે ચર્ચા વિચારણા કરવા બાબતનો પ્રસ્તાવ વાંચીને રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે ચર્ચાનો જવાબ આપ્યો.

**૧૧. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો(નિયમ–૮૭–ક)**

સચિવશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૮૭(ક) અન્વયે ૫૨ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

**૧૨. સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ સાંજના ૬.૫૬ વાગ્યે વિધાનસભાના નિયમોના નિયમ ૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખી.

ત્યારબાદ ‘‘વંદેમાતરમ્’’ રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવવામાં આવી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**